**યાત્રાધામ બોર્ડ અને પાલિકા સ્વચ્છતામાં શૂન્ય | તંત્ર કોન્ટ્રાક્ટમાં વ્યસ્ત, પ્રજા અને યાત્રાળુઓ ત્રસ્ત**

# ડાકોરમાં પુરુષોત્તમ માસમાં જ ગટર ઉભરાતાં લાખો ભક્તોની આસ્થાને ઠેસ

**ડાકોરમાં** રણછોડરાયના દ્વારે જ ગટરના ગંદા પાણીની રેલમછેલ



(પ્રતિનિધિ) ડાકોર તા.૪

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં હાલ પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે, પરંતુ ડાકોર નગરપાલિકાના અણઘડ વહીવટને કારણે આ પવિત્ર યાત્રાધામની છબી ખરડાઈ રહી છે. રણછોડજી મંદિરના મુખ્ય દ્વારની બહાર જ છેલ્લા ઘણા દિવસોથી ગટરો ઉભરાઈ રહી છે, જેના કારણે ભક્તોએ ગંદા પાણીમાંથી પસાર થઈને ભગવાનના શરણે જવું પડી રહ્યું છે.

ડાકોર નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો અને ચીફ ઓફિસરની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પાલિકાના સભ્યો માત્ર કોન્ટ્રાક્ટર બનવામાં અને પાર્કિંગની કમાણીમાં જ વ્યસ્ત છે. નવા રોડના કામો અને ગટર લાઈનના આયોજનો એટલા અણઘડ છે કે લોકોની સુવિધા વધવાને બદલે મુશ્કેલીઓ વધી છે. સમગ્ર નગરમાં ક્યાંક પીવાના પાણીની સમસ્યા છે, તો ક્યાંક LPG ગેસ લાઈન માટે ખોદેલા ખાડાઓ પૂરવામાં આવ્યા નથી, જેના કારણે અકસ્માતનો ભય રહે છે.

### ચારેબાજુ ગંદકી અને ખાડાઓનું સામ્રાજ્ય

ડાકોરના લગભગ તમામ વિસ્તારોમાં હાલ દયનીય સ્થિતિ છે. ક્યાંક ગટરો ઉભરાય છે તો ક્યાંક વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નથી. વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે ગંદકી અને ખાડાઓને કારણે યાત્રાળુઓ ડાકોરની અત્યંત ખરાબ છબી લઈને પરત ફરી રહ્યા છે. તંત્રની આ મૌન સેવવાની નીતિ હવે લોકોમાં રોષ જન્માવી રહી છે.

### આસ્થાનું અપમાન કે વહીવટી નિષ્ફળતા?

પવિત્ર માસમાં દૂર-દૂરથી આવતા યાત્રાળુઓ ગટરના પાણી પરથી ચાલીને મંદિરે પહોંચે છે અને તે જ પગે મંદિરમાં પ્રવેશ કરે છે. યાત્રાળુઓ તંત્રની આ ઘોર બેદરકારી જોઈને ભારે ટીકા કરી રહ્યા છે. શું તંત્રને આ ગંદકી દેખાતી નથી? કે પછી માત્ર નવા કોન્ટ્રાક્ટમાં જ રસ છે ?

### આણંદમાં ટુ-વ્હીલરમાં અચાનક આગ લાગતા દોડધામ



આણંદ શહેરના જીટોડીયા રોડ પર પટેલ ટ્રેક્ટર પાસે ગુરૂવાર સાંજે એક ટુ વ્હીલરમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ બનાવની વિગત મુજબ, તારીખ ૦૪/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ટુ વ્હીલર નંબર GJ ૨૩ DY ૫૭૮૮ માં આગ લાગી હોવાનો કોલ ફાયર કંટ્રોલ રૂમમાં મળ્યો હતો. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી કરમસદ-આણંદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ટીમમાં સામેલ ફાયર ડ્રાઈવર પ્રદિપસિંહ સોલંકી, ફાયરમેન સતીશ બામણીયા, વિશાલ ભૂરિયા અને બે તાલીમાર્થીઓએ ત્વરિત કામગીરી કરી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી. આ આગની ઘટનામાં ટુ વ્હીલર માલિક તક્ષ સુનિલભાઈ પટેલનો આબાદ બચાવ થયો છે અને સમગ્ર કામગીરી દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

**મહિસાગર કલેક્ટર અને એસપી કચેરીના ઉંબરે જ તંત્રની ઘોર બેદરકારી**

# લુણાવાડા સેવા સદન પાસે 'ખાડા રાજ':અરજદારનેઅકસ્માતનોભય

**કરોડોના** ખર્ચે બનેલા આરસીસી રોડના કાંકરા ઉખડ્યા



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર જિલ્લાના વહીવટી તંત્રના નાક સમાન ગણાતા સેવા સદન વિસ્તારમાં જ માર્ગોની હાલત અત્યંત દયનીય બની છે. લુણાવાડા ખાતે આવેલી કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત અને જિલ્લા પોલીસ વડા ઓફિસ જેવા મહત્વના સરકારી ભવનોની બિલકુલ બાજુમાં આવેલા આરસીસી રોડ પર મસમોટા ખાડા પડી જતાં તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

મહિસાગર જિલ્લાનો જ્યાંતી વહીવટ ચાલે છે અને જ્યાં દિવસભર ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીની સતત અવરજવર રહે છે, તેવા મુખ્ય માર્ગના કાંકરા ઉખડી ગયા છે. કરોડોના ખર્ચે બનેલા આ રોડની ટૂંકા સમયમાં આવી હાલત થતા કામની ગુણવત્તા સામે પણ શંકાની સોય સેવાઈ રહી છે. ઠેર-ઠેર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે સ્થાનિક નાગરિકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને રાત્રિના સમયે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થવાને કારણે અકસ્માતનો ભય અનુભવી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા માર્ગનું સમારકામ કરાવે તેવી સ્થાનિકોની પ્રબળ માંગ છે.

# 'નળ સે જળ' કૌભાંડમાં સરપંચ પતિની ધરપકડ

**બાલાસિનોરના** સરોડા ગામના સરપંચ પતિએ ૧.૪૫ લાખ અંગત ખાતામાં સેરવ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૪

મહીસાગર જિલ્લામાં ચકચાર જગાવનારા કરોડો રૂપિયાના 'નળ સે જળ' યોજના કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે વધુ એક મોટી સફળતા મેળવી છે. બાલાસિનોર તાલુકાના સરોડા ગામના ચાલુ સરપંચના પતિ કિરીટસિંહ ચૌહાણને પાણી સમિતિના સરકારી નાણાં પોતાના અંગત ખાતામાં સેરવી લેવા બદલ ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

તપાસમાં બહાર આવ્યું છે કે કિરીટસિંહ પ્રભાતસિંહ ચૌહાણે ગામમાં લોકોને પીવાનું પાણી આપવાના બહાને સરકારી ગાઈડલાઈન મુજબ 'પાણી સમિતિ'ની રચના કરી હતી. જોકે, જનતાને સુવિધા આપવાને બદલે તેમણે સત્તાનો દુરુપયોગ કરી સમિતિના સત્તાવાર ભંડોળમાંથી રૂ. ૧.૪૫ લાખ સીધેસીધા પોતાના અંગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ કૌભાંડમાં ફરી એકવાર શાસક પક્ષ ભાજપનું કનેક્શન સામે આવ્યું છે. ઝડપાયેલા કિરીટસિંહ ભાજપના વિવિધ પદો પર રહી ચૂક્યા છે અને તેમનો પરિવાર અત્યંત વગદાર છે. તેમના પુત્રવધૂ વર્ષાબેન ચૌહાણ અગાઉ બાલાસિનોર તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચૂક્યા છે. આ મેગા કૌભાંડમાં અત્યાર સુધીમાં ભાજપના કુલ 5 મોટા નેતાઓની સંડોવણી સત્તાવાર રીતે બહાર આવી છે.

# નડિયાદમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં નરાધમને ૨૦ વર્ષની કેદ

**લગ્નની** લાલચે સગીરાને ભગાડી જઈ હવસનો શિકાર બનાવી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

મહેમદાવાદમાંથી સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ અવારનવાર દુષ્કર્મ આચરવાના કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ ૭૫૦૦ નો દંડ ફટકાર્યો છે.

મહેમદાવાદના પૂજન હોસ્પિટલ પાછળ ઝુપડપટ્ટીમાં રહેતા ધવલ બાબુભાઈ વસાવાએ ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજના સમયે સગીરાને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપીને ભગાડી ગયો હતો. બાદમાં ભોગ બનનાર સગીરાને ઝઘડિયા તાલુકાના મુલદ ગામે ટેકરી ફળિયામાં રહેતા મનીષાબેન જેસીંગભાઈ વસાવાના મકાનમાં પોતાની સાથે રાખી હતી. જ્યાં ધવલકુમાર વસાવાએ સગીરાની ઈચ્છા અને સંમતિ વિના એકથી વધુ વાર અવારનવાર બળાત્કાર ગુજારી શારીરિક સંભોગ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ નવરાત્રીના સમય દરમિયાન ભોગ બનનાર સગીરાએ સંભોગ કરવાની ના પાડતા આરોપીએ તેના પર ગુસ્સે થઈ જઈને મારઝૂડ પણ કરી હતી.

આ સમગ્ર મામલે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી વિરુદ્ધ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ પી પી પુરોહિતની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ સાગર આર ભટ્ટ દ્વારા રજૂ કરાયેલા ૨૨ જેટલા દસ્તાવેજી પુરાવાઓ અને ૭ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી ધવલકુમાર બાબુભાઈ વસાવાને કસૂરવાર ઠેરવી પોક્સો એક્ટ અને દુષ્કર્મના ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ અને ૫૦૦૦ નો દંડ તથા અપહરણના ગુનામાં ૪ વર્ષની સાદી કેદ અને ૨૫૦૦ નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ સજા ભોગવવાનો પણ હુકમ કરાયો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતોને મફત હાઇબ્રીડ શાકભાજી બિયારણ કીટ મળશે

**આણંદ |** જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ખાસ અંગભુત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માં હાઇબ્રીડ શાકભાજી પાકોની ખેતી કરવા માંગતા SC ખેડૂત ખાતેદારોને ૧૦ ગુંઠાની મહત્તમ બે ઇનપુટ કિટ્સ વિનામુલ્યે આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, આધારકાર્ડની નકલ, સક્ષમ અધિકારીનો અનુસૂચિત જાતિનો દાખલો, ઇચ્છુક ખેડૂતોએ નાયબ બાગાયત નિયામકની કચેરી, ૪૨૭-૨૯, ચોથો માળ, જિલ્લા સેવા સદન (જુનું), બોરસદ ચોકડી પાસે, આણંદ ખાતે રૂબરૂ સંપર્ક સાધવો જણાવ્યું છે. નોંધનીય છે કે આ કિટ્સનું વિતરણ મર્યાદિત લક્ષ્યાંકને આધીન હોવાથી 'વહેલા તે પહેલા' ના ધોરણે અરજી કરવાની રહેશે.

### નડિયાદની KDCC બેંકની આધુનિક ટેકનોલોજી નિહાળી પંજાબનું પ્રતિનિધિમંડળ પ્રભાવિત



**નડિયાદ |** પંજાબ સ્ટેટ કો-ઓપરેટીવ બેંક અને મિલ્ક યુનિયન મોહાલીના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે નડિયાદની કેડીસીસી બેંકની મુલાકાત લઈ તેની આધુનિક બેન્કિંગ પ્રણાલીની પ્રશંસા કરી હતી. ચેરમેન તેજસભાઈ પટેલ સાથેની શુભેચ્છા મુલાકાતમાં પંજાબના ડીજીએમ રાકેશ ગોયલ, રાજીવ શર્મા, રવિન્દરપાલ સિંહ, રમન અરોરા, તજિંદર સિંહ અને ડો. દેનરાજ એ બેંકની ડિજિટલ સેવાઓ જેવી કે ટેબલેટ અને વોટ્સએપ બેન્કિંગ નિહાળી હતી. પ્રતિનિધિઓએ નવનિર્મિત 'સરદાર પટેલ સહકાર ભવન' અને લીંબાસી સેવા સહકારી મંડળીની મુલાકાત લઈ બેંકના ગ્રાહક-કેન્દ્રિત અભિગમને બિરદાવ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાકરોલની સ્પેક બીબીએના ૧૭ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ટોપ-૧૦માં સ્થાન મેળવી ગૌરવ વધાર્યું



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ (સ્પેક) ના બીબીએ સેમેસ્ટર-૨ ના ૧૭ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. જેમાં દિયારામી અને પ્રીત દરજી ૮.૯૧ જીપીએ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ, જ્યારે પ્રિન્સ લાખણી બીજા અને સાર્થક વાલાણી ત્રીજા ક્રમે રહ્યા છે. આ ઉપરાંત અન્ય ૧૩ તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ ૪ થી ૧૦ ના વિવિધ ક્રમાંકો પ્રાપ્ત કરી કોલેજ અને સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સફળતા બદલ આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને સમગ્ર સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### કડાણાના ઢિંગલવાડામાં પ્રાકૃતિક ખેતી અને પશુપાલન વિષયક કિસાન ગોષ્ઠી યોજાઈ

**કડાણા |** મહીસાગરના કડાણા તાલુકાના ઢિંગલવાડા ગામે 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને ગાય આધારિત ઝીરો બજેટ ખેતી તરફ વાળવા વિશેષ કિસાન ગોષ્ઠીનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા પશુપાલન અને જીવામૃત બનાવવાની પદ્ધતિનું પ્રત્યક્ષ નિદર્શન આપી જમીનની ફળદ્રુપતા અને ખેડૂતોની આર્થિક ઉન્નતિ અંગે માર્ગદર્શન અપાયું હતું. શિબિરમાં ઉપસ્થિત ૧૨૦થી વધુ ખેડૂતોએ રાસાયણિક ખેતીનો ત્યાગ કરી પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટી અને 'આત્મા' પ્રોજેક્ટના વિવિધ અધિકારીઓ તેમજ બોર્ડના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.



### આણંદની પી.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનું બી.એડ.માં સો ટકા પરિણામ આવ્યું

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૨૬માં લેવાયેલ બી.એડ. વર્ષ-૨ ના ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ.) એ ૧૦૦% પરિણામ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં ૯.૭ જીપીએ સાથે અંજની પરમાર કોલેજમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ છે. જ્યારે હેત્વી પઢિયાર ૯.૬૫ જીપીએ સાથે દ્વિતીય ક્રમે અને કિંજલ વાળંદ તથા સુવિધ્યા ચૌધરી ૯.૫ જીપીએ સાથે તૃતીય ક્રમે રહ્યા છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), સી.ઇ.ઓ. ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી ડો. ઈશિતાબેન પટેલ, ડો. યુગ્માબેન પટેલ તથા કાર્યકારી આચાર્ય ડો. જયેશભાઈ સોનારા અને સમગ્ર સ્ટાફગણે અભિનંદન પાઠવ્યા છે.



### વાસદ એસવીઆઈટી ખાતે ક્લાઉડ અને એઆઇ ટેકનોલોજી પર સપ્તાહીય એફડીપી સંપન્ન



**આણંદ |** વાસદ સ્થિત એસવીઆઈટી સંસ્થાના કમ્પ્યુટર વિભાગ દ્વારા 'ક્લાઉડ, ફોગ અને AI' વિષય પર એક સપ્તાહીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન કરાયું હતું. ડો. અમિત ગણાત્રાના હસ્તે ઉદ્ઘાટિત આ કાર્યક્રમમાં રાજ્યની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના અંદાજે ૪૦ જેટલા અધ્યાપકો ઉત્સાહભેર જોડાયા હતા. આ તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા જનરેટિવ AI, ક્લાઉડ સિક્યુરિટી અને અન્ય આધુનિક ટેકનોલોજી પર ઊંડાણપૂર્વક પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ડી.પી. સોની અને મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થતા સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

### આણંદ જિલ્લામાં ૨.૨૫ કરોડના ખર્ચે પાંચ 'આયુષ્યમાન આરોગ્ય મંદિરો'નું લોકાર્પણ કરાયું



**આણંદ |** નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલે પેટલાદ અને બોરસદ તાલુકાના પાંચ ગામોમાં ૨.૨૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલા આયુષ્યમાન આરોગ્ય મંદિરોનું લોકાર્પણ કર્યું હતું. છેવાડાના માનવીને ઘર આંગણે જ શ્રેષ્ઠ અને આધુનિક આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ સુવિધા ઊભી કરવામાં આવી છે. આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આરોગ્ય કેન્દ્રો ગ્રામજનોની સેવા માટે ખુલ્લા મૂકાયા હતા. આ નવા કેન્દ્રો પર CHO સહિતના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.

### વાસદ આઈટીઆઈમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ: ૨૩મી જૂન સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે

**આણંદ |** આણંદ જિલ્લાના વાસદ ખાતે પાયલ સિનેમાની પાછળ આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવવા માટેની ઓનલાઇન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ૨૩ જૂન સુધીમાં સંસ્થાના ઓનલાઇન પોર્ટલ itiadmission.gujarat.gov.in પર જઈને પોતાનું ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભર્યા બાદ નજીકની કોઈપણ સરકારી ITI ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે. ત્યારબાદ રૂ. ૫૦/- ની રજીસ્ટ્રેશન ફી ભરીને ફોર્મ કન્ફર્મ કર્યા પછી જ ઓનલાઇન ચોઈસ ફીલિંગ કરી શકાશે. વિદ્યાર્થીઓની સુવિધા માટે જિલ્લાની તમામ સરકારી ITI ખાતે 'Admission Helpdesk' કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં ઉમેદવારો વિનામૂલ્યે પોતાનું પ્રવેશફોર્મ ભરાવી શકશે. આઈટીઆઈ વાસદના આચાર્ય દ્વારા તમામ ઉમેદવારોને સમય મર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવાયું છે.

### ચારૂસેટની 'એનાલુબ લેબ' લ્યુબ્રિકન્ટ ટેસ્ટિંગમાં અવ્વલ આવી : NABL દ્વારા માન્યતા પ્રાપ્ત



**આણંદ |** ચાંગાની ચારૂસેટ યુનિવર્સિટી સંલગ્ન PDPIAS ની એનાલુબ લેબ અત્યાધુનિક ઓઈલ ટેસ્ટિંગ સેવાઓ પૂરી પાડે છે. વર્ષ ૨૦૧૮થી NABL માન્યતા ધરાવતી આ લેબમાં ASTM ધોરણો મુજબ લ્યુબ્રિકન્ટની સચોટ ચકાસણી કરવામાં આવે છે. અહીં હેવી મેટલ, વિસકોસીટી અને પાર્ટીકલ કાઉન્ટ એનાલીસીસ જેવી સ્ટેટ-ઓફ-ધ-આર્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ કેન્દ્ર ઉદ્યોગોને તેલની સ્થિતિની આગાહી કરવા અને લ્યુબ્રિકેશન તાલીમ માટે એક સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

### આણંદ શહેરની ડી. એન. ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ યુનિ. કક્ષાએ મેદાન માર્યું

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા બીબીએ (આઇ.ટી.એમ) સેમેસ્ટર-૪ ના પરિણામોમાં ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. યુનિવર્સિટી કક્ષાએ સંસ્થાના વિદ્યાર્થી ફરહાનએહમદ ફિરોઝએહમદ વોહરા અને મિતકુમાર જયદીપકુમાર કનોજીયાએ ૮.૨૭ જીપીએ સાથે સમગ્ર યુનિવર્સિટીમાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સાથે જ વિદ્યાર્થીની હેત્વીબેન અરુણકુમાર કાછીયાએ ૭.૯૧ જીપીએ મેળવીને યુનિવર્સિટીમાં છઠ્ઠો ક્રમાંક હાંસલ કર્યો છે. વિદ્યાર્થીઓની આ ઝળહળતી સફળતા બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કેતનભાઈ પટેલ, કોલેજના કાર્યકારી આચાર્ય ડો. નીરવ મેહતા અને સમગ્ર સ્ટાફ પરિવારે તમામ તેજસ્વી તારલાઓને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદની અલ્પેશ એન. પટેલ ઇન્સ્ટિટયૂટના ૧૨ વિદ્યાર્થીઓનો યુનિવર્સિટીના 'ટોપ-૧૦'માં ઝળક્યાં

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અલ્પેશ એન. પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના એમએસસી માઈક્રોબાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એપ્રિલ ૨૦૨૬માં લેવાયેલી સત્રાંત પરીક્ષામાં સંસ્થાના કુલ ૧૨ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦ રેન્કમાં સ્થાન મેળવીને કોલેજ અને ચરોતર પંથકનું નામ રોશન કર્યું છે. આ પરીક્ષામાં સંસ્થાની વિદ્યાર્થીની કિંજલ વાળંદે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ તરફ ડગ માંડ્યા છે. અન્ય સફળ વિદ્યાર્થીઓમાં અદુલ્યા બાબુએ ચોથો, જ્યારે ખુશી સિંહ, પાંચુભાઈ ભદારકા અને વૃંદાલી બોદરે છઠ્ઠો ક્રમ મેળવ્યો છે. સાતમા ક્રમે અદિરા બાબુ, રીયા પટેલ અને યશ લાડ રહ્યા છે. આ ઉપરાંત ઉર્વશી વીસાવે આઠમો, સાક્ષી સુથારે નવમો તથા વૈદેહી અગ્રાવત અને વિધિ સુથારે દસમો ક્રમાંક હાંસલ કર્યો છે. આ સિદ્ધિ બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કે. ડી. પટેલ, ઇન્ચાર્જ આચાર્ય ડો. ચિરાગ વ્યાસ અને માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડો. નિરવ ભાવસરે હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.